# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-04-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## વકફ સુધારા બિલ

વકફ સુધારા બિલ આજે લોકસભામાં રજૂ કરવામાં આવશે. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે ગૃહમાં બિલ પર ચર્ચા માટે 8 કલાકનો સમય રાખવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે બિઝનેસ એડવાઇઝરી કમિટીની બેઠક દરમિયાન, જો જરૂરી હોય તો, ચર્ચા માટેનો સમય લંબાવી શકાય છે તે અંગે સંમતિ સધાઈ હતી. શ્રી રિજિજુએ એમ પણ કહ્યું કે સરકાર ખુલ્લી ચર્ચા માટે તૈયાર છે અને બિલ પરના તમામ પ્રશ્નોના જવાબ આપશે. તેમણે આરોપ લગાવ્યો કે વિપક્ષી પક્ષો તુષ્ટિકરણની રાજનીતિને કારણે કાયદાનો વિરોધ કરી રહ્યા છે.

ભારતીય જનતા પાર્ટી અને રાષ્ટ્રીય લોકશાહી જોડાણ પક્ષો - જેડીયુ અને તેલુગુ દેશમ પાર્ટીએ પણ તેમના તમામ સાંસદોને લોકસભામાં હાજર રહેવા માટે વ્હિપ જારી કર્યો છે.

કોંગ્રેસે પણ તેના તમામ સાંસદોને લોકસભામાં હાજર રહેવા જણાવ્યું છે.

આ સુધારા બિલનો મૂળ ઉદ્દેશ્ય વકફ મિલકતોના સંચાલન અને સંચાલન સંબંધિત ખામીઓને દૂર કરવાનો છે. આ બિલ ગયા વર્ષે ઓગસ્ટમાં લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. બિલ પર વધુ ચર્ચા માટે, ભાજપના સાંસદ જગદંબિકા પાલના નેતૃત્વમાં એક સંયુક્ત સંસદીય સમિતિની રચના કરવામાં આવી હતી. સમિતિને આશરે ૯૭ લાખ સૂચનો મળ્યા હતા.

----------------------------------------------------------------------------

## બનાસકાંઠા-ડીસા દુર્ઘટના

બનાસકાંઠાના ડીસાના ફટાકડાના ગોડાઉનમાં થયેલી દુર્ઘટનામાં મૃત્યુઆંક 18 એ પહોંચ્યો છે. દરમિયાન આગની ઘટનામાં ભોગ બનેલા અસરગ્રસ્તો માટે પ્રધાનમંત્રીએ સહાય જાહેર કરી છે. પીએમએનઆરએફ ફંડમાંથી મૃતના નજીકના સગાને રૂપિયા 2 લાખની સહાય આપવામાં આવશે જ્યારે ઘાયલોને 50 હજાર રૂપિયા આપવામાં આવશે. ઘટના અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શોક વ્યકત કરતાં મૃતકોના પરિવારજનોને 4 લાખ રૂપિયા અને ઇજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાય જાહેર કરી હતી.

ઘટના અંગે રાજ્ય સરકારના પ્રવક્તા ઋષિકેશ પટેલે જણાવ્યું કે આ ફેક્ટરીમાં લાયસન્સ વિના ફટાકડા સ્ટોરેજ કરવામાં આવ્યા હતા, જેનું લાયસન્સ પણ રિન્યૂ કરાયું ન હતું. શ્રી પટેલે જણાવ્યું કે ઘટના અંગે બે લોકોની ધરપકડ કરવામાં આવી છે.

---

## આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે હડતાળ પર ઉતરેલા આરોગ્ય કર્મચારીઓને 4 એપ્રિલ સુધી ફરજ પર હાજર થવા ચેતવણી આપી છે. શ્રી પટેલે જણાવ્યું કે આરોગ્ય કર્મચારીઓની હડતાળ બાબતે 15 દિવસથી ચર્ચા ચાલી રહી છે. તેમણે જણાવ્યું કે ગ્રેડ પેમાં 7 હજાર કેડર છે અને પગાર વધારો સરકારની વિચારણા હેઠળ છે. શ્રી પટેલે ઉમેર્યું કે સંગઠનના નેતાએ સમજવું જોઈએ કે કર્મચારીઓને નુકશાન થશે તો જવાબદારી કોણ લેશે..

---

## મ્યાનમાર ભૂકંપ

મ્યાનમારમાં આવેલ વિનાશક ભૂકંપમાં મૃત્યુઆંક 2 હજાર 700 ને વટાવી ગયો છે.જે 3 હજાર થવાની શક્યતા છે. મ્યાનમારના લશ્કરી નેતા મીન આંગ હ્લેઇંગે આજે જણાવ્યું કે, 4 હજાર 500 થી વધુ લોકો ઘાયલ છે અને 441 લાપતા છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું હતું કે, ઓપરેશન બ્રહ્મા હેઠળ, ભારતીય વાયુસેનાનું વિમાન આજે દિલ્હીથી માંડલે માટે ૧૬ ટન

આવશ્યક માનવતાવાદી સહાય, ચોખા અને ખાદ્ય પદાર્થો લઈને રવાના થયું હતું. મંડલેમાં ભારતીય સેનાએ 200 બેડની અત્યાધુનિક ફિલ્ડ હોસ્પિટલ યુનિટ કાર્યરત કર્યું છે.

---------------------------------------------------------------------------------

## હવામાન

હવામાન વિભાગની અગાહીને પગલે દક્ષિણ ગુજરાતનાં જિલ્લાઓમાં ગઇકાલે વાતાવરણમાં પલટો આવ્યો છે. ડાંગ અને વલસાડ જિલ્લામાં ગઇકાલે વરસાદ પડ્યો હોવાના અહેવાલ છે.

હવામાન વિભાગે આજે કચ્છ, પોરબંદર, ભાવનગર અને દીવમાં હિટવેવની આગાહી કરી છે. પોરબંદરમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. જ્યારે આજે સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ અને મહીસાગર તેમજ વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, ડાંગ, સહિત દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, અને ગીર સોમનાથમાં મધ્યમ વરસાદની શક્યતા છે. ગઇકાલે ભુજમાં દોઢ ડિગ્રીના વધારા સાથે મહત્તમ પારો 41.3 ડિગ્રીએ પહોંચ્યો હતો. રાજ્યમાં સુરેન્દ્રનગર, રાજકોટ અને મહુવા પછી ભુજ ચોથા નંબરનું ગરમ મથક બન્યું હતું..

---------------------------------------------------------------------------------

## ભુજ-હોસ્પિટલ રોડ આગ

ભુજના હોસ્પિટલ રોડ ખાતે આવેલી ઇમારત કલ્પતરૂમાં દવાની દુકાન હોલસેલ એજન્સીના ગોદામમાં રાત્રે આગ લાગતા અફરાતફરી મચી ગઇ હતી. ઘટનાની જાણ થતા ફાયર શાખાની ટીમ તાત્કાલિક ધસી જઇને બે ત્રણ લાકની જહેમત બાદ આગને કાબુમાં લીધી હતી. ઘટના દરમિયાનઆ વિસ્તારનો વીજળી પુરવઠો બંધ કરવા સહિતના તકેદારીના પગલા લેવાયા હતા. આગ લાગવા પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી બહાર આવ્યું નથી.

---------------------------------------------------------------------------------

## આઇપીએલ

આઇ પી એલ શ્રેણી ની 14 મી મેચ માં આજે ગુજરાત ટાઇટન્સ અને રોયલ ચેલેન્જ ર બેંગલુરુ ની ટીમો વચ્ચે મુકાબલો થશે આ મેચ બેંગલુરુ નાં એમ ચિના સ્વામી સ્ટેડિયમ ખાતે સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે ગુજરાત ની ટીમે મુંબઈ ઇન્ડિયન્સ ને હરાવી પ્રથમ સફળતા મેળવી છે.

--------------------------------------------------------------------------------